**પેજ નં.૨૬**

**(શરૂ–૦૩:૧૮, પુર્ણ–૦૫:૦૧)**

**<u>ફરી સોગંદ આપ્યા...</u>**

**<u>વાદી હીમાંશુ ચંદુલાલ ઠકકરની આંક–૨૪૮ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૩ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એચ.આર.શાહ.</u>**

(૪) એ વાત ખરી નથી કે દાવાવાળી જમીન દાવો દાખલ કર્યો ત્યારથી આજદિન સુધી એન.એ. કે એન.ઓ.સી. થયેલ નથી.

સવાલ:– તમે જે દાવો દાખલ કરેલ છે તે રૂપીયા પચ્ચીસ કરોડ પાંત્રીસ લાખના નુકસાનીના વળતર મેળવવા માટે કરેલ છે?

જવાબ:– એકલો નુકસાનીના વળતર મેળવવા માટે નહી.

સવાલ:– તમે દાવો દાખલ કર્યો ત્યારે મનાઈ હુકમની અરજી દાખલ કરેલી?

જવાબ:– ૨૦૦૮ના વર્ષનો દાવો હોવાથી અત્યારે મને યાદ નથી.

સવાલ:– તમે દાવાઅરજી જોઈ, જણાવી શકો તેમ છો?

જવાબ:– મારા વકીલ સાહેબની સલાહ લેવી પડે.

સવાલ:– પ્રતિવાદી નં.૨ જગદીશભાઈ બોલે સાથે તમારે સબંધો હતા?

જવાબ:– ઈન્દુમતીબેનના કારણે જગદીશભાઈ બોલે સાથે સબંધો હતા.

હું ઈન્દુમતીબેનને સૌપ્રથમ ૨૦૦૪ના વર્ષમા મળેલો. હું ઈન્દુમતીબેનને કહેવાતી જગ્યા હીરાવાડીના દરવાજા પાસે મળેલો. મને રેવન્યુ રેકર્ડસમા ખબર પડે છે.

સવાલ:– હાલનુ હીરાવાડીનુ રેવન્યુ રેકર્ડસ તમારા નામે નથી?

જવાબ:– તેનો વિવાદ એસએસઆરડીમા ચાલુ છે.

સવાલ:– એસએસઆરડીમા જે કેસ ચાલુ છે તેનુ જજમેન્ટ આવી ગયુ છે?

જવાબ:– એસએસઆરડીમા જે કેસ ચાલુ છે તેનુ જજમેન્ટ આવી ગયાનુ આજની તારીખમા મારા ધ્યાનમા નથી.

સવાલ:– નોંધ નં.૨૫૮૧૪વાળી શેની નોંધ છે?

જવાબ:– નંબર ઉપરથી કહી શકુ તેમ નથી.

સવાલ:– આ નોંધ વીલના એકિઝકયુટર તરીકેની પડેલી નોંધ છે?

જવાબ:– જોઈને કહી શકુ તેમ છુ.

એ વાત ખરી છે કે નોંધ નં.૨૫૮૧૪વાળી નોંધ સામે મે એસએસઆરડીમા અપીલ દાખલ કરેલ છે.

સવાલ:– પાવર ઓફ એટર્ની એ વ્યકતી હયાત હોય ત્યાં સુધી જ ચાલુ રહે?

જવાબ:– પાવર ઓફ એટર્નીના પ્રકાર પર આધારીત છે, જો તે કપલ્ડ વીથ ઈન્ટ્રેસ્ટ હોય તો ત્યારબાદ પણ ચાલુ રહે.

સવાલ:– આંક–૨૪૧, ૨૪૨ અને ૨૪૩વાળા જે ડોકયુમેન્ટ છે તે ડોકયુમેન્ટમા કોઈપણ જગ્યાએ કપલ્ડ વીથ ઈન્ટ્રેસ્ટ લખેલ નથી?

જવાબ:– અવેજ સાથે થયેલ પાવર ઓફ એટર્નીનુ અર્થઘટન કપલ્ડ વીથ ઈન્ટ્રેસ્ટ ગણાય તેવી કાયદાની જોગવાઈ છે, અલગથી લખવાની જરૂરીયાત નથી રહેતી.

એ વાત ખરી છે કે વિવાદવાળી જગ્યામા મે ૮૮૯ પ્લોટ પાડેલા છે.

સવાલ:– આ ૮૮૯ પ્લોટો તમે કયા આધારે પાડેલ હતા?

જવાબ:– મારા કરારની જોગવાઈ મુજબ, સરકારી જરૂરીયાતો મુજબ તેમજ મારા વેપારની જરૂરીયાત મુજબ પ્લોટો પાડેલા હતા.

સવાલ:– તમારા કરારની જોગવાઈમા કયાય ૮૮૯ પ્લોટનો ઉલ્લેખ નથી?

જવાબ:– મારા એન.એ. કરવાની જોગવાઈ મુજબ મારા વેપારની જે જરૂરીયાત હતી તેના સરકારી નીયમો અનુસંધાને મે આ પ્લોટીંગ કરેલ છે.

એ વાત ખરી નથી કે એન.એ. કર્યા વગર ખોટા પેપર ઉભા કરીને ૮૮૯ પ્લોટ પાડેલ છે. એ વાત ખરી છે કે મે ગામના પ્રતીષ્ઠીત વ્યકતીઓ પાસેથી ઘણી મોટી રકમો લઈ લીધેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વેચાણ કરાર કરેલ છે.

સવાલ:– તમે આવા વેચાણ કરારો દાવો દાખલ કર્યા પછી હાલની સરતપાસનુ

સોગંદનામુ રજુ રાખ્યુ ત્યાં સુધી રેકર્ડ પર રજુ કરેલ નથી?

જવાબ:– દાવામા જણાવેલ છે.

હું દાવાઅરજી જોઈને જણાવુ છુ કે મે દાવાઅરજીમા વેચાણ કરારોના ઉલ્લેખ કરેલ નથી. હું આવા વેચાણ કરારો નામ. કોર્ટમા રજુ રાખવા ખુશી છુ. જયારે કાયદાકીય જરૂરીયાત ઉભી થશે ત્યારે હું તે કરારો રજુ રાખવા ખુશી છુ. તે કરારો નોટરાઈઝ અને સાદા તેમજ ઈન્દુમતીબેનના પાવર ઓફ એટર્નીની સત્તાની રૂએ તેમની હયાતીમા કરેલા પણ છે. એ વાત ખરી છે કે મારી દાવાઅરજી તથા સરતપાસમા પેરા–૫ મા ''અમો વાદી તથા પ્રતિવાદી નં.૧નાઓ પરીચયમા આવેલા અને પ્રતિવાદી નં.૨નાએ જ અમો વાદીની ઓળખાણ પ્રતિવાદી નં.૧ની કરાવેલી.''

સવાલ:– એ વખતે તમને ખબર ન હતી કે ઈન્દુમતીબેન પ્રતિવાદી નં.૨ના મામી થાય છે?

જવાબ:– ઈન્દુમતીબેનને ઓળખતો હતો, પ્રતિવાદી નં.૨એ તેમના આ સબંધો જાહેર કરેલા.

એ વાત ખરી છે કે પ્રતિવાદી નં.૨નાએ મને એવુ જણાવેલ કે મારા મામીની એક જમીન છે અને આપણે બંનેએ વેચાણ કરવાનુ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રતિવાદી નં.૧ અને પ્રતિવાદી નં.૨નાએ સાથે મળીને મને આ જમીન વેચાણ કરવાની છે, તેવુ જણાવેલુ.

સવાલ:– તમે પ્રતિવાદી નં.૨ને બાસઠ લાખ રૂપીયા પર્સનલી આપેલા છે?

જવાબ:– પ્રતિવાદી નં.૧ અને પ્રતિવાદી નં.૨ને આપેલ છે.

સને ૨૦૦૬ના વર્ષમા એપ્રિલ માસમા રૂપીયા બાસઠ લાખ આપેલ છે.

સવાલ:– તમે દાવો દાખલ કર્યો ત્યારથી આજદિન સુધી દાવાવાળી જમીન ખેતીની સીમ જમીન છે?

જવાબ:– હાઈકોર્ટે હુકમ કરેલ છે, તેની પ્રોસેસ ચાલુ છે.

એ વાત ખરી છે કે નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમમા આવી જે પ્રોસેસ ચાલુ છે તેવુ કંઈ

લખેલ નથી. એ વાત ખરી નથી કે આ ખેતીની જમીન છે અને ખોટા પ્લોટીંગ પાડી મે ખોટી જાહેરાત કરેલ છે.

(૫) હું વ્યવસાય વેરો ભરુ છુ. હું સને ૨૦૦૪ થી ૨૦૧૦ સુધીની બેલેન્સ સીટ રજુ રાખવા ખુશી છુ. હું અમદાવાદમા પ્રહલાદનગરમા ઈમ્પોર્ટનો ધંધો કરુ છુ. મને એ વાત યાદ નથી કે મે દાવો દાખલ કર્યો ત્યારથી આજદિન સુધી ગુજરનારનુ વીલ યાને વસીયતનામુ રજુ કરેલ નથી. એ મને યાદ નથી કે પ્રતિવાદી નં.૧નાનુ પણ કોઈ વીલ કે વસીયતનામુ રજુ કરેલ નથી. મને પ્રતિવાદી નં.૧નુ આવુ વીલ કે વસીયતનામુ મળી આવશે તો હું રજુ રાખીશ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રતિવાદી નં.૧નુ વીલ યાને વસીયતનામુ કલકતા હાઈકોર્ટમા વિવાદમા છે તેવુ મારી જાણમા છે.

સવાલ:– આ વીલનુ કલકતા હાઈકોર્ટે પ્રોબેટ આપેલ છે?

જવાબ:– એકિઝકયુટર પી.જે.ભીડેને હટાવવા બાબતે તેમની ઉપર સ્ટે ચાલે છે અને કાયદાકીય કામગીરી તેમની તપાસની ચાલુ છે, તેવુ મારા જાણમા છે.

એ વાત ખરી છે કે મે સરતપાસના પેરા–૧૭મા દાવાવાળી જમીન અંગે કરેલ કરાર તથા પાવર ઓફ એટર્ની અન્વયે માગેલી સ્પેસીફીક પર્ફોમન્સ તથા તેને અનુસંગીક દાદ અપાવી શકાય તેમ નથી તો તે સંજોગોમા વિકલ્પે અમો વાદી પ્રતિવાદીઓ પાસેથી ડેમેજીસની રકમ મેળવવા હકદાર છીએ, અમો વાદીએ પ્રતિવાદીને ચુકવેલ રકમ જે દાવાઅરજીમા તોતેર લાખ લખાવેલ છે, જે રકમ ઉપર ૨૪ % ના ચડત વ્યાજે જે દિવસે રકમની ચુકવણી કરેલ છે તે દિવસથી વાદીને પરત થાય ત્યાં સુધીની માગણી કરવા હકદાર છીએ, તેવુ લખેલ છે. એ વાત ખરી નથી કે મે પ્રતિવાદી નં.૧ને માત્ર અગીયાર લાખ રૂપીયા જ આપેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે પ્રતિવાદી નં.૧ને તોતેર લાખ રૂપીયા આપેલ છે. તોતેર લાખ રૂપીયા મે ચેકથી તથા રોકડથી એમ બંને રીતે આપેલા છે. ચેકથી અગીયાર લાખ, અઢી લાખ, અઢી લાખ, આપેલ છે અને તે સીવાયની બાકીની રકમ રોકડમા આપેલ છે.

સવાલ:– આ રકમ તમે આંક–૧૯૦ના કરારના દિવસે આપેલ નથી?

જવાબ:– કરારની જોગવાઈ મુજબ આપેલ છે.

એ વાત ખરી નથી કે આંક–૧૯૦વાળા કરારનુ કોઈપણ રીતે મે પાલન કરેલ નથી.

હાલની વિવાદવાળી જગ્યાની બજારકિંમત કેટલી છે તે હું કહી શકુ તેમ નથી.

(૬) એ વાત ખરી છે કે પ્રાંત કચેરી હળવદ કેસ નં.૪૯/૨૦૨૪નો હુકમ તા.૨૯/૦૫/૨૦૨૫ના રોજ મારા વિરૂધ્ધમા આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પરંતુ તેની અપીલ ચાલેલ છે અને તેમા સ્પષ્ટ દર્શાવેલ છે કે હળવદમા ચાલતા દાવાના નીર્ણયના આધારે આની નોંધો પાડવી.

સવાલ:– તે હુકમની સામે નામ.કલેકટરશ્રી મોરબીમા અપીલ દાખલ કરેલી, તે અપીલ પણ તમારી નામંજુર કરેલી?

જવાબ:– પરંતુ તેની અપીલ એસએસઆરડીમા ચાલેલ છે અને તેમા સ્પષ્ટ દર્શાવેલ છે કે હળવદમા ચાલતા દાવાના નીર્ણયના આધારે આની નોંધો પાડવી.

એ વાત ખરી છે કે મારા અને પ્રતિવાદી નં.૧ વચ્ચે કયારેય વેચાણ દસ્તાવેજ થયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આંક–૧૯૦નો કરાર થયેલ છે.

આ તબકકે કોર્ટ સમય પુર્ણ થતા સબબ કામ વધુ ઉલટ તપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૬/૦૨/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ